Publication: Janmabhoomi
Date: 1/6/2019
Page: 3
Column: 7

જન્મભૂમિ મુંબઈ, શનિવાર, તા. ૧-૬-૨૦૧૯

# અદાણી ઈલેક્ટ્રિસિટીનો નવો કસ્ટમર કેર માટે ડાયલ ૧૯૧૨૨

મુંબઈ, તા. ૩૧ : અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (એઈએમએલ) દ્વારા ગ્રાહકોને યાદ રાખવામાં આસાની રહે તે માટે કસ્ટમર સર્વિસનો નંબર ૧૯૧૨૨ કરવામાં આવ્યો છે. તે સેવા મરાઠી, હિંદી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ બનશે. આ બહુભાષી ૨૪ × ૭ કસ્ટમર કેર નંબર મુંબઈમાં બધા ટેલિકોમ ઑપરેટરો થકી પહોંચક્ષમ બનશે.

તાકીદના વિકલ્પોમાં આગ અને શોકની ફરિયાદો, ઈમારતની લિફટમાં વીજ પુરવઠો બંધ થવો, ખોદકામ અને વીજ ચોરીની ફરિયાદો આરંભમાં મૂકવામાં આવી હતી. અન્ય વિકલ્પોમાં નવાં જોડાણ, વીજ પુરવઠો ખંડિત થવો, ગલીની લાઈટની ફરિયાદ, પેમેન્ટ સંબંધી ફરિયાદો અંગે કોલ કરી શકાશે. અગાઉનો કસ્ટમર કેર નંબર ૧૮૦૦ ૨૦૦ ૩૦૩૦ પણ હાલ ચાલુ રહેશે અને સમયાંતરે પાછો ખેંચી લેવાશે. એમ અદાણીના પ્રવક્તાએ જણાવ્યું હતું.